India Media Monitor

# Gujarat Pranam

## I Support \'save the docter\' movement to equalise ug and pg medical seats

Date: 01/08/2013 | Edition: Ahmedabad | Page: 2 | Source: Bureau | Clip size (cm): W: 16 H: 18



દેશમાં સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર્સની અછતની સમસ્યાના ઉકેલનો આશય

# આઈએમએ અને એએચપીઆઈનો યુજી અને પીજી મેડિકલ બેઠકોને સમાન બનાવવા 'સેવ ધ ડૉક્ટર' અભિયાનને ટેકો

જુલાઈ , ૨૦૧૩ : સમગ્ર દેશના મેડિકલ વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓ સાથે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ) અને એસોસિએશન ઓફ હેલ્થકેર પ્રોવાઈડર્સ ઈન્ડિયા (એએચપીઆઈ)એ આજે અન્ડર ગ્રેજયુએટ (યુજી) અને પોસ્ટ ગ્રેજયુએશન (પીજી) મેડિકલ બેઠકો સમાન બનાવવા રાષ્ટ્રવ્યાપી ચળવળ 'સેવ ધ ડૉક્ટર'ની જાહેરાત કરી છે. આ વ્યાપક ચળવળનો આશય દેશમાં પૉલીસી મેકર્સ અને સંસ્થાઓ પર પ્રભાવ પાડવાનો છે.

મેડિકલ વિદ્યાર્થીઓ ગ્રામ્ય પોસ્ટિંગનો અમલ ઈન્ટર્નશિપ અને પોસ્ટગ્રેજ્યુએટ ટ્રેઈનિંગના ભાગરૂપે થાય તેમ ઈચ્છે છે. સમગ્ર દેશમાં બેથી ત્રણ લાખથી વધુ વિદ્યાર્થીઓ આ ચળવળને ટેકો આપશે તેવી તેમને અપેક્ષા છે.

ગાયનોકોલોજીસ્ટ્સ, ન્યુરોલોજિસ્ટ્સ, સર્જન્સ, રેડિયોલોજીસ્ટ્સ જેવા ક્ષેત્રોમાં નિષ્ણાત બનવા એક ડૉક્ટર માટે મેડિસિનની કોઈપણ શાખામાં પોસ્ટ ગ્રેજ્યુએશન આવશ્કય છે. આજે તબીબી સંસ્થાઓમાં પીજી બેઠકોની સંખ્યા (સુસંગત/ ઈચ્છિત) ઓછી હોવાને કારણે ભારતમાં નિષ્ણાત ડૉક્ટર્સની તીવ્ર અછત છે. ભારતમાં સૌથી વધુ સંખ્યામાં તબીબી સંસ્થાઓ હોવા છતાં ફરજિયાત ગ્રામ્ય પોસ્ટિંગ સાથે પીજી અને યુજી વિદ્યાર્થીઓને ફાળવવામાં આવતી બેઠકની સંખ્યામાં વિસંગતતાની યુવાન ડૉક્ટર્સ પર ગંભીર અસર પડે છે અને તેમણે ૧૩ વર્ષ જેટલો સમય માત્ર અભ્યાસમાં જ વિતાવવો પડે છે. તેનો અર્થ એ છે કે આ જ પરિસ્થિતિ ચાલુ રહેશે તો આપણી આરોગ્ય સિસ્ટમનું ભાવી જોખમી છે, કારણ કે નજીકના ભવિષ્યમાં જ સિનિયર ડૉક્ટર્સ/સર્જન્સ નિવૃત્ત થઈ રહ્યા છે. પરિમામે ભારતમાં સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર્સ અને સર્જન્સનો દુકાળ સર્જાશે.

એએચપીઆઈના ખજાનચી ડૉ. દેવી શેટ્ટીએ જણાવ્યું હતું કે, "આપણા દેશમાં અંદાજે બે લાખ જેટલા યુવાન ડૉક્ટર્સે તેમની યુવાનીના મહત્ત્વપૂર્ણ વર્ષો દર્દીઓની સારવાર અને દર્દ મટાડવાની કળા શીખવાના બદલે કોચિંગ ક્લાસીસમાં મલ્ટીપલ ચોઈસ ક્વેશ્ચન્સમાં જ વિતાવવા પડે છે. આ યુવાન ડૉક્ટર્સ યોગ્ય સંજોગો હેઠળ આપણા નાગરિકોને પૂરી પાડવામાં આવતી આરોગ્ય સુવિધાની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો કરી શકે છે.